**નવસારીમાં ૧૨૦ કરોડના ખર્ચે બની રહેલો ટાઈડલ ડેમ લોકાર્પણ પૂર્વે જ વિવાદમાં**

# લોકાર્પણ પહેલાં જ દીવાલ ધરાશાયી

**પૂર્ણા** નદીના પ્રવાહ સામે રક્ષણ માટે બનેલી દીવાલ જ ધોવાઈ

**ડિઝાઇનથી** લઈને ગુણવત્તા અને કોન્ટ્રાક્ટરની જવાબદારી સુધી તપાસ જરૂરી



### નવી દીવાલનો ખર્ચ કોણ ભરશે?

વોલ ફરીથી બનાવવાની જરૂર પડે તો ખર્ચ સરકારી તિજોરીમાંથી થશે કે કોન્ટ્રાક્ટરની જવાબદારી નક્કી થશે? જો તપાસમાં ડિઝાઇન, બાંધકામ કે ગુણવત્તામાં ખામી બહાર આવે તો જવાબદાર સામે વસૂલાત અને કાર્યવાહી થશે કે ફરી જાહેર નાણાં ખર્ચાશે? લોકાર્પણ પહેલાં જ દીવાલ પાણી સામે હારી ગઈ હોય, તો હવે 'પૂરનું પાણી' નહીં, પરંતુ જવાબદારીનું પાણી કોના માથે પડે છે તે જોવાનું રહેશે. રૂ. 120 કરોડના પ્રોજેક્ટમાં દીવાલ તૂટી છે, પરંતુ હવે તંત્ર સામે ઊભા થયેલા સવાલોની દીવાલ વધુ મજબૂત બની છે.

### 'પૂર આવે તો શું?' એ પહેલાંના સવાલો

વોલની ડિઝાઇન કેટલી ક્ષમતાના પાણીના પ્રવાહને ધ્યાનમાં રાખીને તૈયાર કરાઈ હતી? ફાઉન્ડેશનની ઊંડાઈ કેટલી હતી? નદીના તળિયાના સંભવિત ધોવાણનો અભ્યાસ થયો હતો? પથ્થર, કોંક્રિટ અને અન્ય સામગ્રી નિર્ધારિત ગુણવત્તાની હતી? બાંધકામ દરમિયાન ગુણવત્તા નિયંત્રણ કોણ કરતું હતું? આ પ્રશ્નોના જવાબ દસ્તાવેજો અને ટેકનિકલ રિપોર્ટમાંથી મળવા જોઈએ.

નવસારી : પૂર્ણા નદી પર આશરે 120 કરોડના ખર્ચે બની રહેલો ટાઈડલ ડેમ હજી સત્તાવાર રીતે લોકો માટે ખુલ્યો પણ નથી અને પ્રોજેક્ટની રક્ષણાત્મક દીવાલે જ તેની મજબૂતી અંગે મોટો પ્રશ્ન ઊભો કરી દીધો છે. લોકાર્પણ પહેલાં પ્રોટેક્શન વોલનો ભાગ ધરાશાયી થતાં હવે સવાલ માત્ર એક દીવાલના નુકસાનનો નથી સવાલ છે કરોડોના પ્રોજેક્ટમાં આયોજનથી લઈને બાંધકામ અને ગુણવત્તા ચકાસણી સુધી બધું યોગ્ય રીતે થયું હતું કે નહીં?

વોલને નુકસાન પહોંચવા અંગે તંત્ર તરફથી પૂરના પાણીના ભારે પ્રવાહને કારણ ગણાવવામાં આવી રહ્યું છે. પરંતુ આ કારણને અંતિમ સત્ય માની લેતા પહેલાં ટેકનિકલ તપાસ જરૂરી છે. કારણ કે નદી પર બનતા ટાઈડલ ડેમની ડિઝાઈનમાં પાણીનો પ્રવાહ, પૂરનું સ્તર અને ધોવાણનું જોખમ મૂળભૂત પરિબળો હોય છે. તો પછી જે માળખું પાણીના આ જ જોખમ સામે રક્ષણ આપવા માટે બનાવાયું હતું, તે જ પૂરપ્રવાહ સામે કેમ ન ટકી શક્યું?

**બીલીમોરા પંથકમાં પૂરના પ્રકોપ બાદ તંત્ર હરકતમાં**

# મેંધરમાં ૧૪૬ ઝીંગા તળાવોના સંચાલકોને નોટિસ પાઠવાઈ

**૧૨૦૦થી** વધુ પૂરપીડિતોના વિરોધ બાદ વહીવટી તંત્ર દ્વારા ૨૭ ઓગસ્ટે સુનાવણી હાથ ધરાશે


કેરસી બારીયા

બીલીમોરા : ગણદેવી તાલુકાના કાંઠા વિસ્તારનાં ૧૪ ગામોમાં બે સપ્તાહ અગાઉ આવેલા વિનાશક પૂરના પગલે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વરસાદી પાણીના નિકાલમાં અવરોધરૂપ ઝીંગા તળાવો અને અન્ય દબાણો દૂર કરવાની માંગ સાથે ૧૨૦૦થી વધુ પુરપીડિત ગ્રામજનના વિરોધ બાદ હવે વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે. ગણદેવી મામલતદાર કચેરી દ્વારા મેંધર ગામની સરકારી જમીનમાં બનાવાયેલા ૧૪૬ ઝીંગા તળાવોના સંચાલકોને નોટિસ ફટકારવામાં આવી છે. નોટિસમાં જમીન મહેસૂલ કાયદાની જોગવાઈઓનો ઉલ્લેખ કરી સરકારી જમીનમાં કરવામાં આવેલા દબાણ અંગે ખુલાસો આપવા જણાવાયું છે. ઉપરાંત, નોટિસમાં ઝીંગા તળાવો બનાવવા માટેની મંજૂરી, જમીનનો ઉપયોગ તથા વરસાદી પાણીના કુદરતી વહેણને થતા અવરોધ અંગે પણ જરૂરી વિગતો રજૂ કરવા જણાવાયું હોવાનું જાણવા મળે છે. આગામી ૨૭/૮/૨૬ નાં રોજ સુનાવણી હાથ ધરાશે. તંત્રની આ કાર્યવાહીથી કાંઠા વિસ્તારના ગ્રામજનોમાં આશા જાગી છે કે વરસાદી પાણીના કુદરતી વહેણમાં આવતા અવરોધો દૂર થશે અને ભવિષ્યમાં ભારે વરસાદ કે પૂર જેવી સ્થિતિમાં ગામડાઓમાં પાણી ભરાવાની સમસ્યા હળવી બનશે. હવે ૧૪૬ ઝીંગા તળાવોના મામલે તંત્ર આગળ શું કાર્યવાહી કરે છે તેના પર ગ્રામજનોની નજર મંડાઈ છે.

# વાંસદાના કિચડવાળા ગાંધી મેદાનમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી થશે

**વરસાદ** વચ્ચે હાર્ડમોરમ નાખીને મેદાન સમતલ કરવાની કામગીરીથી ભારે હાલાકી


નિલેશ કાપડિયા

વાંસદા : નવસારી જિલ્લા કક્ષાની સ્વતંત્રતા દિવસની ઉજવણી આ વર્ષે વાંસદાના ગાંધી મેદાન ખાતે યોજાવાની છે. ત્યારે મેદાનની વાસ્તવિક સ્થિતિનો સર્વે કર્યા વિના સ્થળ નક્કી કરવામાં આવ્યું હોવાના આક્ષેપો વચ્ચે હવે તંત્ર માટે વરસાદી માહોલમાં મેદાનને કાર્યક્રમ લાયક બનાવવું પડકારરૂપ બન્યું છે. વાંસદામાં સોમવારથી વરસાદના ઝાપટા પડી રહ્યા છે. આવા સંજોગોમાં મેદાનમાં હાર્ડમોરમ નાખીને તેને સમતલ બનાવવાની કામગીરી ચાલી રહી છે. જોકે, વરસાદ વચ્ચે હાર્ડમોરમ નાખવાની કામગીરીને લઈને તંત્રની મુશ્કેલીમાં વધારો થયો છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે મેદાનની સ્થિતિનો અગાઉથી સર્વે કરવામાં આવ્યો હોત તો કદાચ વધુ યોગ્ય સ્થળની પસંદગી થઈ શકી હોત. કાર્યક્રમ માટે લાખો રૂપિયાના ખર્ચે વોટરપ્રૂફ ડોમ સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે.

પરંતુ વરસાદી માહોલમાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતી પ્રજાને ખુલ્લામાં ઊભા રહેવું પડે તેવી સ્થિતિ સર્જાય છે. મેદાનમાં હનોની અવરજવર થઈ શકે તે માટે હાડમોરમ નાખવામાં આવ્યું છે, જ્યારે સામાન્ય પ્રજાની સુવિધા અંગે શું આયોજન છે? તેવો સવાલ ચર્ચાઈ રહ્યો છે. ઉપરાંત ગાંધી મેદાનમાં હાર્ડમોરમ નાખીને બહાર નીકળતી ટ્રકોના ટાયર સાથે કાદવ મુખ્ય માર્ગ પર આવી રહ્યો છે. પરિણામે મામલતદાર કચેરી સુધીનો માર્ગ ચીકણો થઈ જતા વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ભલે આ વર્ષે રોટેશન મુજબ જિલ્લા કક્ષાની સ્વતંત્રતા દિવસની ઉજવણી વાંસદામાં યોજાવાની હોય, પરંતુ સ્થળ પસંદ કરતા પહેલાં મેદાનની સ્થિતિનો યોગ્ય સર્વે કરવાનો હતો. વરસાદમાં કરવામાં આવી રહેલા ખર્ચથી પ્રજાને કેટલી સુવિધા મળશે? તેવા સવાલો હાલ વાંસદામાં ચર્ચાનો વિષય બન્યા છે.

# 'સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં અમારી રોજગારી છીનવાઈ જશે?'

**વાંસદામાં** શુક્રવારનો હાટ બજાર બંધ રાખવાના નિર્ણયથી નારાજગી

વાંસદા: વાંસદાના ગાંધી મેદાન સ્વતંત્રતા દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી યોજાનાર છે. કાર્યક્રમને લઈને તંત્ર દ્વારા ગાંધી મેદાન ખાતે પૂરજોશમાં તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જોકે, કાર્યક્રમના એક દિવસ અગાઉ એટલે કે શુક્રવારના રોજ વાંસદા પંથકમાં ભરાતો હાટ બજાર બંધ રાખવાની જાહેરાત કરવામાં આવતા વેપારીઓમાં નારાજગી જોવા મળી રહી છે. મળતી માહિતી મુજબ, શુક્રવારે ગાંધી મેદાન ખાતે સ્વતંત્રતા દિવસના કાર્યક્રમની વિવિધ કૃતિઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રેક્ટિસ યોજનાર હોવાથી તંત્ર દ્વારા હાટ બજાર બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. વાંસદાનો હાટ બજાર આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકો તેમજ નાના વેપારીઓ માટે મહત્વનું બજાર માનવામાં આવે છે. ખાસ કરીને હાટ બજારના દિવસે જ રોજગારી અને વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવતા નાના વેપારીઓ માટે આ દિવસ આવકનો મહત્વનો સ્ત્રોત હોય છે. એક તરફ સમગ્ર દેશમાં ૧૫મી ઓગસ્ટે સ્વતંત્રતા દિવસની ઉજવણી થવાની છે, ત્યારે વાંસદામાં હાટ બજાર બંધ રાખવાના નિર્ણયથી નાના વેપારીઓમાં "સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં અમારી રોજગારીની સ્વતંત્રતા તો છીનવાઈ રહી નથી ને?" તેવો ગણગણાટ સાંભળવા મળી રહ્યો છે.

# સગીરાના ફોટા વાયરલની ધમકી આપનાર સામે ફરિયાદ

**વિજલપોરની** સગીરાના નામે ૪ ફેક ઇન્સ્ટાગ્રામ આઈડી બનાવી અસલી આઈડી હેક કર્યાના આક્ષેપ

### સંબંધ માટે દબાણ અને ફોટા વાયરલ કરવાની ધમકી

આરોપી સગીરા પર પોતાની સાથે સંબંધ રાખવા માટે દબાણ કરતો હતો. સગીરા તૈયાર ન થાય તો તેના અંગત ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરી દેવાની ધમકી આપી પરિવારના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

નવસારી : વિજલપોરની સગીરાને સોશિયલ મીડિયા મારફતે હેરાન કરવા, સંબંધ માટે દબાણ કરવા અને અંગત ફોટા વાયરલ કરવાની ધમકી આપનાર સુરતના યુવક સામે POCSO હેઠળ ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદમાં સગીરાના નામે ચાર ફેક Instagram ID બનાવવાથી લઈને તેની અસલી ID હેક કરવા સુધીના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

ફરિયાદ મુજબ સુરતના માન દરવાજા વિસ્તારમાં રહેતા ચેતન વાઘે સગીરાની જાણ કે મંજૂરી વિના તેના નામે ચાર બનાવટી Instagram એકાઉન્ટ બનાવ્યા હતા. આ એકાઉન્ટ્સમાં સગીરાના ફોટાનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ સગીરાનું અસલી Instagram એકાઉન્ટ પણ હેક કરવામાં આવ્યું હોવાની ફરિયાદ કરવામાં આવી છે.

# છાપર રોડ પર કારે મોપેડને ટક્કર મારતા ભાઈ-બહેનનાં મોત

**ભાટ** ગામના બે યુવાન સ્વજનોનાં અકસ્માતે મોતથી સમગ્ર પંથકમાં શોકનું મોજું

**પોલીસે** કારચાલક કલ્પેશ આહીરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી


કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા નજીકના છાપર રોડ પર મારુતિ કાર ચાલકે સામેથી આવતી મોપેડ પર સવાર મહિલા અને તેના કૌટુંબિક ભાઈને ટક્કર મારતા બંને ફંગોળાઈ જતા મોતને ભેટ્યા હતા. પોલીસે મારુતિ ચાલકની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.

બીલીમારા નજીક છાપર રોડ ઉપર ભૂતબાપા મંદિર પાસેથી પસાર થતી મારુતિ HL 6 (GJ 21 CE 5192) નો ચાલક કલ્પેશ ગોવિંદભાઈ આહિરે સામેથી આવતી મોપેડ (GJ 21BD 4365) પર સવાર ભાટ ગામના દીક્ષિત દિલીપભાઈ ટંડન (૧૮) અને તેની કૌટુંબિક બેન કિંજલબેન કેતનભાઈ ટંડેલ (૨૮)ને ટક્કર મારતા મોપેડ સહિત કિંજલબેન અને દીક્ષિત બાજુના તળાવમાં ફંગોળાઈ ગયા હતા. ટક્કર એટલી ભયાનક હતી કે મોપેડ સવાર બંને ભાઈ બેનનું મોત નીપજતા વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. તે સાથે મારુતિ કારને પણ મોટું નુકસાન થતાં તે આગળ વધી ન શકતા ચાલક કલ્પેશ ગોવિંદભાઈ આહીર (રહે છાપર આહિર વાસ) ઝડપાઈ ગયો હતો. પોલીસે કલ્પેશ આહીરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મરનાર કિંજલબેન કેતનભાઈ ટંડેલ સાથે દીક્ષિત દિલીપભાઈ ટંડેલના મૃત્યદેહોનું પીએમ કરાવીને પરિવારને સોંપવામાં આવ્યો હતો. કિંજલબેન ટંડેલ અને દીક્ષિત ટંડેલના અકસ્માતમાં મોત નીપજતા ભાટ ગામમાં શોક વ્યાપી જવા પામ્યો હતો.

# વાપીમાં કોન્ટ્રાક્ટરની બાઈકની ડિક્કી તોડી 2.50 લાખની ચોરી

**મજૂરોના** પગાર માટે બેંકમાંથી ઉપાડ્યા હતા રૂપિયા

**ગુંજન** વિસ્તારમાં મિત્ર સાથે ચા પીવા ગયા તે દરમિયાન તસ્કરો નજર ચૂકવીને રૂપિયા ઉડાવી ગયા

વાપી : વાપીના ટાંકી ફળિયામાં રહેતા અને કન્સ્ટ્રક્શન સાઈટ ચલાવતા વેપારીના બાઈકની ડિક્કીનું લોક તોડીને રૂા.2,50,000/- ની રોકડ રકમ ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ વાપી ટાંકી ફળિયામાં સુદામા બાકેલાલ ચૌહાણ (ઉં.૬૦) પરિવાર સાથે રહે છે. તેઓ છીરી વલ્લભનગર અને ડુંગરી ફળિયામાં કન્સ્ટ્રકશનનું કામકાજ સંભાળે છે. ગત તારીખ ૧૦મી ઓગસ્ટના રોજ મજૂરોનો પગાર કરવાનો હોવાથી તેમણે પુત્રને બેંકમાંથી રૂા.૨,૫૦,૦૦૦/- ઉપાડવા માટે મોકલ્યો હતો.

પુત્ર બેંકમાંથી નાણાં ઉપાડીને પરત આવ્યા બાદ સુદામાભાઈએ તે રકમ પોતાની બાઈક પર લગાવેલી પ્લાસ્ટિકની ડિક્કીમાં રેઈનકોટની સાથે મૂકીને લોક કરી દીધી હતી. ત્યારબાદ તેઓ વાપી ગુંજન જીઆઈડીસી સ્થિત સૂર્યાગલીમાં જલારામ ફ્લોર ચલાવતા પોતાના મિત્રની દુકાને પહોંચ્યા હતા. જ્યાં બાઈક પાર્ક કરીને તેઓ મિત્ર સાથે નજીકના ચાના ગલ્લા પર ચા પીવા ગયા હતા.

માત્ર પંદર જ મિનિટમાં તેઓ જ્યારે પરત ફર્યા, ત્યારે બાઈકની ડિક્કીનું લોક તૂટેલું જોવા મળ્યું હતું અને અંદર મૂકેલા રૂા.૨,૫૦,૦૦૦/- રોકડા ગાયબ હતા. અજાણ્યા તસ્કરો દ્વારા દિનદહાડે આ પ્રકારે લાખો રૂપિયાની ચોરી કરી લેવાતા વેપારી દ્વારા સમગ્ર મામલે વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોને પકડવાની તજવીજ હાથ ધરી છે.

# ગેરકાયદે બાંધકામો સામે કોંગ્રેસ નેતાની ભૂખ હડતાળ



**૬૩** ગેરકાયદે બાંધકામો સામે માત્ર દંડ વસૂલાતા વિવાદ, ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકારણ ગરમાયું

### દંડકીય કાર્યવાહી કરવામાં આવી છે

ડાંગ જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી એચ. બી. પટેલે જણાવ્યું હતું કે, ગ્રામ પંચાયતોને બિનઅધિકૃત બાંધકામો સામે કાર્યવાહી કરવા નિર્દેશો આપવામાં આવ્યા હતા. જે અંતર્ગત હાલની સ્થિતિએ ૩૪ જેટલાં બિનઅધિકૃત એકમો સામે નોટિસ આપીને દંડકીય કાર્યવાહી કરવામાં આવી છે.

સાપુતારા : ડાંગ જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં થઈ રહેલા બિનઅધિકૃત બાંધકામો સામે સ્થાનિક તંત્રની ઢીલી નીતિથી નારાજ થઈને ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિના આઈ.ટી. સેલના પ્રમુખ મનીષ મારકણાએ કચેરી સામે ઉપવાસનો પ્રારંભ કર્યો છે. તંત્રને ૮ દિવસની આખરી મુદત અપાઈ હોવા છતાં સંતોષકારક પગલાં ન ભરાતા નાછૂટકે આંદોલનનો માર્ગ અપનાવ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. અગાઉ 'જિલ્લા સ્વાગત' કાર્યક્રમમાં કરાયેલી રજૂઆતના પગલે પ્રાથમિક તપાસમાં ૬૩ જેટલાં બિનઅધિકૃત બાંધકામો હોવાનું સામે આવ્યું હતું. જોકે, તંત્ર દ્વારા માત્ર નોટિસો આપીને અને પંચાયત ધારાની કલમ ૧૦૪ મુજબ દંડ ફટકારીને સંતોષ માની લેવાયો હોવાનો આક્ષેપ કરાયો છે. જ્યાં સુધી તમામ ગેરકાયદે બાંધકામો કાયદેસર ન થાય અથવા બંધ ન કરાય અને યાદી જાહેર ન થાય ત્યાં સુધી ભૂખ હડતાળ ચાલુ રહેશે તેવી ચીમકી ઉચ્ચારાઈ છે.



**ખેરગામના વડપાડા ગામે દમણગંગા યોજનાની પાઇપલાઇનનો વાલ્વ ફાટતાં**

# પાણીના ૩૦ ફૂટ ઊંચા ફૂવારા ઉડ્યા

**ઘરની** છત તૂટી, સદનસીબે મોટી જાનહાનિ ટળી

**ચોમાસાની** સિઝનમાં ઘર વિહોણા બનેલા પીડિત પરિવારને સહાયની માગ

### માટી પુરાણ પણ ધોવાઈ ગયું

ખેરગામ તાલુકા પંચાયત સભ્યના પતિ પ્રકાશભાઈના જણાવ્યા અનુસાર, મુખ્ય લાઈનના વાલ્વ તૂટી જતા ઊંચા ફુવારાને કારણે ઘરના ભાગને નુકસાન થવા પામ્યું છે. આ ઉપરાંત ત્યાં આવેલ આંબા કલમો અન્ય વૃક્ષોને પણ નુકસાન થવા પામ્યું છે. માટી પુરાણ પણ ધોવાઈ ગયું છે. સર્વે કરી પરિવારને વળતર મળે એ જરૂરી છે.

### સર્વે કર્યા બાદ પરિવારને વળતર ચૂકવાશે

દમણગંગા લાઈનના અંકિતભાઈનો સંપર્ક કરવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, દમણગંગા લાઈનના વાલ્વમાં લીકેજ સર્જાતા પાણીના ફુવારા ઉડ્યા છે. વળતર અંગે પૂછતા આ અંગે જરૂરી સર્વે કર્યા બાદ પરિવારને વળતર ચૂકવવામાં આવશે.

ખેરગામ : ખેરગામ તાલુકાના વડપાડા ગામના નિશાળ ફળિયા વિસ્તારમાં દમણગંગા જૂથ પાણી પુરવઠા યોજનાની મુખ્ય પાઈપલાઈનના વાલ્વમાં લીકેજ સર્જાતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વાલ્વમાંથી અચાનક પ્રચંડ પ્રેશર સાથે ૩૦ ફૂટ કરતાં પણ વધુ ઊંચા પાણીના ફુવારા ઉડ્યા હતાં. આ બનાવને કારણે સ્થાનિક સરસ્વતી રાઠોડના ઘરના ગેલવેનાઈઝડ પતરાં છિન્ન-ભિન્ન થઈ જતા મકાનને નુકસાન પહોંચ્યું હતું.

પાઈપલાઈનમાંથી પાણીના ધસમસતા ફુવારા ઉડવાનું શરૂ થયું તે સમયે પરિવારના ૫ સભ્યો ઘરમાં જ હાજર હતા. પાણીનો પ્રવાહ એટલો તીવ્ર હતો કે મકાનની છત અને પતરાં તૂટવા લાગ્યા હતાં. જોકે, બનાવની ગંભીરતા સમજી પરિવારના સભ્યોને લોકોએ ઘરની બહાર સુરક્ષિત ખસેડ્યા હતાં. જેથી મોટી જાનહાનિ ટળી હતી. વડપાડાના તલાટી ધ્રુવીબેને જણાવ્યું હતું કે બપોરે ૩:૩૦ વાગ્યા બાદ દમણગંગા પાણીની મુખ્ય લાઈનમાં વાલ્વ છટકી જવાને કારણે ૩૦ કરતા વધુ ઘરમાં ઊંચા ફુવારા ઉડ્યા હતા અને જેના પગલે સરસ્વતી રાઠોડના ઘરના ગેલ્વેનાઈઝના પતરાને નુકસાન થવા પામ્યું છે.

આ દમણગંગા પાણી પુરવઠા યોજના શરૂઆતથી જ વિવિધ વિવાદો અને હલકી ગુણવત્તાના કામકાજને કારણે ચર્ચામાં રહી છે. આ ઘટનાથી તંત્ર અને કોન્ટ્રાક્ટર સામે રોષ જોવા મળી રહ્યો છે.


**ગ્રામ પંચાયત સાદકપોર**
મુ.પો.સાદકપોર, તા.ચીખલી, જી. નવસારી- ૩૯૬ ૫૨૧

**જાહેર હરાજી**

મોજે: સાદકપોર ગામે (૧) ગામતળ, (૨) દાદરા ફળિયા, (૩) કાળિયા ફળિયા, (૪) ચાડિયા ફળિયા, (૫) ગોલવાડ ટેકરા ફળિયા, (૬) ગોલવાડ હળપતિવાસ માં આવેલ પાણીની ટાંકીઓ જર્જરીત હાલતમાં હોય આ પાણીની ટાંકીઓ તોડીને તેનો કાટમાળ લઈ જવા માટેની જાહેર હરાજી તા.૨૧/૦૮/૨૦૨૬ ના સવારે ૧૧.૩૦ કલાકે ગ્રામ પંચાયત સાદકપોર ખાતે રાખવામાં આવેલ છે. રસ ધરાવનાર વ્યક્તિઓને હરાજીમાં હાજર રહેવા અપીલ છે.

શરતો:
૧) હરાજીના એક કલાક પહેલાં ડિપોઝીટની રકમ જમા કરાવ્યેથી ભાગ લઈ શકાશે.
૨) હરાજી સમય પહેલાં ટાંકીઓનું નિરીક્ષણ કરી આવવું.
૩) હરાજીમાં જે વ્યક્તિના ફાળે જાય તે વ્યક્તિએ તાત્કાલિક સ્થળ પર ૨૫% ડિપોઝીટની રકમ જમા કરાવવાની રહેશે.
૪) હરાજીમાં કોઈપણ પ્રકારનો વિવાદ ઉપસ્થિત થાય તો હરાજી મોકુફ રાખવાની સત્તા ગ્રામ પંચાયતની રહેશે.
૫) હરાજી પ્રક્રિયામાં પંચાયત બોડીનો નિર્ણય આખરી રહેશે.

તલાટી કમ મંત્રી
ગ્રામ પંચાયત સાદકપોર
તા. ચીખલી જી. નવસારી

સરપંચશ્રી
ગ્રામ પંચાયત સાદકપોર
તા. ચીખલી જી. નવસારી